# ગુડા ૧૨ હજાર એફોર્ડેબલ મકાનો બાંધશે

## રાયસણ આવાસ યોજના અન્વયે ફોર્મ વિતરણ શરૂ પ્રથમ દિવસે જ ધસારો વધતા અવ્યવસ્થા





(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૯

ગુડા દ્વારા આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે ટી.પી. વિસ્તારમાં ૧૨ હજાર જેટલા આવાસ બાંધવાનો નિર્ણય લેવાયો છે. જ્યારે આ પૈકી રાયસણમાં આવાસ બાંધવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. આ શુભ-લાભ આવાસ યોજના અન્વયે ગુડાએ આજે લાભાર્થીઓને ફોર્મ વિતરણ કરવાનું શરૂ કર્યું છે. પ્રથમ દિવસે શરૂઆતથી જ ફોર્મ મેળવવા માટે અરજદારોને ગુડાની કચેરીમાં અફડાતફડી મચાવી હતી. અરજદારોનો ધસારો વધતા સ્થળ પર ભારોભાર અવ્યવસ્થા સર્જાઈ હતી.

શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ઓછી આવક ધરાવતા વર્ગના લોકો માટે ગુડા વિસ્તારમાં માથે પગ આવતા ૧૨ હજાર આવાસ બાંધવા આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે આ યોજના અન્વયે પ્રથમ તબક્કામાં રાયસણમાં આવાસ બાંધવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. આ યોજનાને પ્રારંભે ૨ હજાર લાભાર્થીઓને સમાવી લેવા આયોજન કરવામાં આવ્યું છે. રાયસણમાં નિર્માણ પામતી આ આવાસ યોજના અન્વયે લાભાર્થીને ૩૬.૬૫ ચો.મી.ના બાંધકામ ક્ષેત્રફળમાં ડ્રોઈંગરૂમ, સ્ટડીરૂમ, બેડરૂમ, રસોડુ સહીતની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવનાર છે. જ્યારે આવાસની અંદાજિત કિંમત રૂ. ૭.૫૦ લાખ નક્કી કરવામાં આવી છે. આ યોજનાના લાભાર્થીઓ નિયત કરવા ગુડા દ્વારા આજે બપોરે ૧૨.૩૯ કલાકે અરજદારોને ફોર્મ વિતરણ કરવાની શરૂઆત કરવામાં આવી હતી. જ્યારે પ્રથમ દિવસે જ ગુડાની કચેરીમાં અરજદારોએ હલ્લો મચાવ્યો હતો. લાંબા સમય સુધી ફોર્મ મેળવવા કતારમાં ઉભેલા નાગરિકોએ થોડીવાર અફડાતફડીનો માહોલ સર્જી દીધો હતો. જેના પરિણામે ધક્કા-મુક્કી વચ્ચે સ્થળ પર ભારોભાર અવ્યવસ્થા સર્જાઈ હતી. આ યોજના અન્વયે આગામી તા. ૩૦ જૂન સુધી ફોર્મનું વિતરણ કરવામાં આવનાર છે. જ્યારે તા. ૩૧ જુલાઈ સુધીમાં ફોર્મ સ્વીકારવામાં આવશે. પ્રતિવર્ષ ૨.૫૦ લાખ સુધીની આવક મર્યાદા ધરાવતા હોય તેવા અરજદારો આ યોજનાનો લાભ લઈ શકશે. જ્યારે અરજદારોએ ફોર્મની સાથે રૂ. ૨૫ હજારનો ડ્રાફ્ટ પણ સામેલ કરવો પડશે. આજે ફોર્મ વિતરણના પ્રારંભે ઉપસ્થિત ગુડાના ચેરમેન અશોક ભાવસારે જણાવ્યું હતું કે ગુડા વિસ્તારમાં રાયસણ અને સિમાડા સહીતના અન્ય ટી.પી. વિસ્તારમાં

● અનુસંધાન પાન-૭ પર

# સે. ૭ના સરકારી રહેણાંકોમાં મજૂરોનો અડ્ડો : દૂષણો પાંગરતા રહીશોમાં આક્રોશ

## સરકારી આવાસોમાં મજૂરોની ઘુસપેઠથી રહીશો તોબા નશામાં ચકચુર મજૂરો બિભત્સ ગાળો બોલે છે

ગાંધીનગર, તા. ૨૯

સે. ૭માં સ્થિત ખંડેર સરકારી આવાસોમાં ફરી શ્રમજીવીઓએ ગેરકાયદેસર કબજો જમાવ્યો છે. નિકાલ હેઠળના આવાસોમાં રાતવાસો કરતા મજૂરોના લીધે સ્થાનિક રહીશોનું મોં વંકાયુ છે. આવાસમાં અડીંગો જમાવતા મજૂરો નશામાં મદમસ્ત બની બિભત્સ ગાળો બોલતા રહીશોમાં આક્રોશ પ્રવર્ત્યો છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ સરકારી આવાસોમાં હાલ મજૂરો કબજો જમાવીને બેઠા છે. આ સરકારી આવાસોમાંથી ઘણા આવાસો નિકાલ હેઠળના છે. તંત્ર દ્વારા આ ઘુસપેઠ રોકવા માટે પહેલા પણ પગલા લેવાયા હતા. તેમાં જુના જર્જરિત આવાસોમાં કોઈ અંદર પ્રવેશ ન કરે તે માટે દરવાજા લોક કરવામાં આવ્યા હતા. અમુક આવાસોમાં પ્લાસ્ટરની દિવાલ બનાવી સીલ

● અનુસંધાન પાન-૭ પર

# 'ઘ' માર્ગ પર સર્વિસ રોડ બનાવવા તંત્રએ નવી દરખાસ્ત તૈયાર કરી

## બે વર્ષના અંતે સર્વિસ રોડનો મામલો સજીવન થયો

ગાંધીનગર, તા. ૨૯

શહેરમાં 'ઘ' માર્ગ પર ઘ-૪ થી પથિકાશ્રમ વચ્ચે સર્વિસ રોડનું નિર્માણ કરવા તંત્રએ નવેસરથી દરખાસ્ત સુપ્રત કરી દીધી છે. બે વર્ષ સુધી દરખાસ્ત પેન્ડીંગ રહ્યા બાદ ખર્ચના નવા અંદાજ સાથે દરખાસ્ત તૈયાર કરી વિભાગને મોકલી દેવાઈ છે.

શહેરમાં છેલ્લા એક દાયકા દરમિયાન વાહનોની સંખ્યામાં દસગણો વધારો થતા ટ્રાફિકનો સિતારીયો બદલાયો છે. જ્યારે પીકઅવર્સ દરમિયાન શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. મુખ્યમાર્ગો આસપાસ સ્થિત સરકારી કચેરીઓના લીધે પણ માર્ગો પર ઓફીસઅવર્સ દરમિયાન વાહનોની અવર-જવર વધી જાય છે. આવા સંજોગોમાં મુખ્યમાર્ગો પર ટ્રાફીકનું ભારણ હળવુ કરવા તંત્ર દ્વારા બે વર્ષ પૂર્વે ઘ-૪ થી પથિકાશ્રમ વિસ્તારમાં સર્વિસ રોડ બનાવવા આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ તંત્ર કક્ષાએથી ખર્ચના અંદાજ સાથે વિભાગને મોકલવામાં આવેલી આ દરખાસ્ત અન્વયે બે વર્ષના અંતે પણ કોઈ નિર્ણય લેવાયો ન હતો. ત્યારબાદ હાલની સ્થિતિએ મુખ્યમાર્ગો પર ટ્રાફિકની સ્થિતિ સર્જાતા સર્વિસ રોડ બનાવવાની અનિવાર્યતાને ધ્યાને લેવામાં આવી છે. જેને અનુલક્ષી વિભાગકક્ષાએથી પણ સર્વિસ રોડના મામલે હકારાત્મક અભિગમ દાખવવામાં આવ્યો છે. જે અન્વયે તંત્ર દ્વારા સર્વિસ રોડ બનાવવા ખર્ચના નવા અંદાજ સાથે દરખાસ્ત તૈયાર કરીને વિભાગને સુપ્રત કરી દેવામાં આવી છે. આગામી ટુંક સમયમાં આ મામલે નિર્ણય લેવાશે ત્યારબાદ સર્વિસરોડનું કામ હાથ ધરાશે.

# સચિવાલય ગેટ નં.૭ પાસે એસઆરપી જવાનનું ગોળી વાગી જતા મોત

## પોતાના જ હાથે થયેલા ફાયરીગમાં ગોળી જવાનના આંખ અને ભ્રમરના વચ્ચેના ભાગેથી ખોપડીમાં ઘુસી ગઈ...! ગેટ નં. ૭ પાસે ડયુટી પર તૈનાત હતા : જવાનને ઝોકું આવી જતાં ટ્રીગર દબાઈ ગયું કે સ્ટેન્ડ ગનનો પટ્ટો તુટતા લોડેડ ગનમાંથી ગોળી છુટી ગઈ : તપાસ ચાલુ

ગાંધીનગર, તા.૩૦

વિધાનસભાના ગેટ નં. ૭ પર સુરક્ષા વ્યવસ્થા માટે તૈનાત એસ.આર.પી. જવાનનું ગત મધરાત્રીએ પોતાના જ સ્ટેન્ડ ગનમાંથી છુટેલી ગોળી વાગી જતાં મૃત્યુ નિપજયાની ચકચારી ઘટના બનવા પામી છે. રાત્રે ઝોકું આવી જતાં ગનનું ટ્રીગર દબાઈ જવાથી ગોળી છુટી કે અન્ય કોઈ રીતે છુટી તે બાબત હજુ સ્પષ્ટ થઈ નથી જો કે ટ્રીગર પોતાના જ હાથે દબાવાયું હોવાનું તેના હાથ પર ચોંટેલા કાર્બન પાવડર પરથી ચોકકસપણે કહી શકાય તેમ છે. ગનમાંથી છુટેલી ગોળી જવાનની આંખ અને ભ્રમર વચ્ચેની જગ્યામાંથી ખોપડીમાં ઘુસી ગઈ હતી જે પેનલ ડૉકટર દ્વારા કરવામાં આવેલ પોસ્ટમોર્ટમ દરમિયાન બે ટુકડામાં મળી આવી હતી. સે-૭ પોલિસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઘટનાની ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.



(તસવીર : વિપુલ ચૌહાણ)



મળતી માહિતી મુજબ નડીયાદ એસ.આર.પી. કવાટર્સ ખાતે રહેતા અને દશેક દિવસ પહેલા જ ગાંધીનગર ફરજ બજાવવા આવેલા એસ.આર.પી. ગ્રુપ-૭ના ૫૩ વર્ષીય જવાન વિરપાલસિંહ સુરમાનસિંહ ચૌહાણને વિધાનસભા ગેટ નં. ૭ પર ડયુટી હતી. વિરપાલસિંહને ત્રણ સંતાનોમાં બે દિકરી અને એક દિકરો છે. ૨૧ વર્ષનો દિકરો ફીઝીકલી હેન્ડીકેપ છે જયારે બંને દિકરીના લગ્ન થઈ ગયેલા છે. ગઈ કાલે રાત્રે વિધાનસભા ગેટ નં. ૭ પર વિરપાલસિંહ ડયુટી બજાવી રહ્યા હતા. અચાનક ગેટ પર ફાયરીંગ થવાનો અવાજ આવતા બીજા એસ.આર.પી. જવાન ફફડીને વિરપાલસિંહ તરફ આવી પહોંચ્યા હતા ત્યાં પહોંચીને જોયું તો વિરપાલસિંહ લોહીલુહાણ હાલતમાં ભોંય પર પડયા હતા અને પેટ પર તેમની સ્ટેન્ડ ગન પડી હતી. આંખ અને ભ્રમર વચ્ચેની જગ્યાએથી ગોળી નીકળી ગયેલી હતી. કોઈ રીતે પોતાના જ હાથે ગનનું ટ્રીગર દબાઈ જતાં એસ.આર.પી. જવાનનું મૃત્યુ થયું હોવાની

● અનુસંધાન પાન-૭ પર

### ફાયરીંગ જવાનના હાથથી જ થયું હતું

એસઆરપી જવાનની સ્ટેન્ડ ગનમાંથી છુટેલી ગોળી પોતાના જ હાથે ટ્રીગર દબાયાથી છુટી હોવાનું બહાર આવ્યું છે. જવાનના હાથમાં કાર્ટીઝમાંથી છુટેલા કાર્બન પાવડર ચોંટેલો જોવા મળ્યો હતો. આ ત્યારે જ શકય બને જયારે કે ફાયર તે હાથે કરવામાં આવ્યું હોય. જો કે તે અંગે પણ તપાસ કરવા એફએસએલમાં સેમ્પલ મોકલવામાં આવ્યા છે.

### સીસીટીવી કેમેરાના ફુટેજ ચેક કરાશે

એસ.આર.પી. જવાનને પોતાની જ ગનમાંથી ગોળી કેવી રીતે વાગી? તેણે આપઘાત કર્યો કે અન્ય કોઈ રીતે ગોળી છુટી ગઈ તે અંગે તપાસ કરવા માટે પોલીસ ગેટ નં. ૭ના સીસીટીવી કેમેરાના ફુટેજ ચેક કરશે.


# પેકેટમાં બંધ વસ્તુઓમાં હવે વધુ છેતરપીંડી નહી

## પ્રમાણભુત પેકેજીંગ યોગ્ય માત્રા અને ગુણવત્તા સુનિશ્ચિત કરે છે

જાગો ગ્રાહક જાગો




એક સમાન પ્રમાણભુત પેકીંગ અને વજન સંબંધિત નવો કાનુન અમલી બની ચૂક્યો છે

● બેબી ફુડ ● દૂધ છોડાવવાવાળા આહાર ● બિસ્કીટ ● બ્રેડ ● માખ અને માર્ગરીન ● અનાજ અને દાળો ● કોફી ● ઈન્સ્ટન્ટ નૂડલ્સ ● ચા ● માદક પીણાઓ ● ઘી, વનસ્પતિ અને ખાદ્ય તેલ ● દૂધ પાવડર ● ડિટરજન્ટ પાવડર ● ચોખા લોટ અને સોજી ● સાબુ ● એરિટેડ સોફ્ટ ડ્રિન્ક અને બેવરેજીસ ● પેકેજ્ડ ડ્રિન્કીંગ વોટર ● સિમેન્ટની થેલીઓ ● પેઈન્ટ અને વોર્નિશ

હવે બાળકોનો આહાર અને બિસ્કીટ ૨૫ ગ્રામના પેકમાં મળી શકે છે.

ઉપરોક્ત બધી જ ચીજવસ્તુઓ ગરીબ લોકોના લાભાર્થે માત્ર રૂ. ૧ થી ૧૦ની કિંમતે મૂલ્ય આધારિત પેકીંગમાં ઉપલબ્ધ બનશે

જો આપને કોઈ વસ્તુના પેકેજીંગમાં કોઈ ખામી દેખાય અથવા અન્યકોઈ ફરિયાદ હોય તો નજીકના ગ્રાહક સુરક્ષા ફોરમનો સંપર્ક કરો.

નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈન નં.
1800-11-4000 (બીએસએનએલ/એમટીએનથી નિઃશુલ્ક)
011-27006500 (12 લાઈનો) (સામાન્ય કોલ દરો લાગુ) પર
કોલ કરી શકો છો અથવા તમારા મોબાઈલથી
8800939717 પર એસએમએસ મોકલી નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈનથી સંપર્ક કરી શકો છો.

જનહિતમાં પ્રસારિત
ગ્રાહકોની બાબતો, ખાદ્ય અને સાર્વજનિક વિતરણ મંત્રાલય
ગ્રાહકોની બાબતોનો વિભાગ, ભારત સરકાર
કૃષિ ભવન, નવી દિલ્હી - ૧૧૦ ૦૦૧
વેબસાઈટ : www.fcamin.nic.in દ્વારા જનહિતમાં પ્રસારિત


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com